## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે  વૈજ્ઞાનિક પધ્ધતિથી ભંડારણ અને ખેડૂત જાગૃતિ તાલીમ કાર્યક્રમ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ ખાતે તારીખ ૧૫/૦૩/૨૦૧૮ ના રોજ ઉદયભાણસિંહજી પ્રાદેશિક સહકારી પ્રબંધ સંસ્થા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય વૈજ્ઞાનિક પધ્ધતિથી ભંડારણ અને ખેડૂત જાગૃતિ તાલીમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત ડૉ. જીગર એચ. પટેલએ મહેમાનશ્રીઓ અને ખેડૂતભાઈઓનું શાબ્દિક સ્વાગત અને કાર્યક્રમની રૂપરેખા આપી કર્યુ હતું. તાલીમ કાર્યક્રમમાં ઉદયભાણસિંહજી પ્રાદેશિક સહકારી પ્રબંધ સંસ્થાનના ડાયરેક્ટર, શ્રી વી. કે. પાંડે, શ્રી પી. જે. પટેલ, શ્રી રાજેશભાઇ, શ્રીમતી કીર્થના અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના ઈજ. ડી. જે. રંગપરાએ અનાજ સંગ્રહની વૈજ્ઞાનિક પધ્ધતિઓ અને ભંડારણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહીતિ વ્યાખ્યાન અને ચલ ચિત્રના માધ્યમથી આપવામાં આવી. એક દિવસીય તાલીમ કાર્યક્રમમાં અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના વિવિધ ગામમાંથી ૫૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતોએ ભાગ લીધો હતો. વધુમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ખેતીને લગતા પ્રશ્નોની સઘન ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમના અંતમાં ખેડૂતોના પ્રતિભાવ જાણીને કેન્દ્રના શ્રી કે. એન. રાણા, પ્રોગ્રામ આસિસ્ટન્ટએ આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

### કાર્યક્રમની ઝાંખી








(WDRA ACT)




કૃષિ વિજ્ઞાન કેન્દ્ર